# પ્રાંતિજ-તલોદ વિધાન સભા બેઠક ઉપર ભાજપ ટિકીટ કોને આપશે ...!!!

## સંભવિત પાંચ ઉમેદવારોમાંથી ટીકીટ કોને મળશે

પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ- તલોદ ૩૩ વિધાનસભા માટે ની ઉમેદવાર માટે આ વખતે ભાજપ માટે અગ્ની પરિક્ષા જેવી સ્થિતિ પેદા થઈ છે જેમાં સંભવિત પાંચ ઉમેદવારો માંથી કયાં ઉમેદવાર ને ટીકીટ મળશે

વિધાનસભા ૨૦૨૨ ની ચુંટણી ની તારીખો સહિત ની પ્રક્રિયા ચુંટણી પંચ દ્વારા જાહેર થઈ ગઈ છે. ત્યારે પ્રાંતિજ- તલોદ ૩૩ વિધાનસભા ચુંટણી ને લઈને આ વખતે ત્રીજો પક્ષ એટલેકે આમ આદમી પાર્ટી પણ મેદાન મા છે અને પોતે ચુંટણી જાહેર થાય પહેલાજ આમ આદમી પાર્ટી દ્વારા પાટીદાર યુવા નેતા અલ્પેશ પટેલ ને ટીકીટ આપીને નામ જાહેર કરી દીધુ છે પણ ભાજપ-કોંગ્રેસ દ્વારા હજુ ઉમેદવારો નક્કી કરવામા આવ્યા નથી તો ભાજપ પાસે હાલ સંભવિત પાંચ ઉમેદવારો છે જેમાંથી એક ને ટીકીટ મળશે ત્યારે સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ભાજપ દ્વારા તારીખ-૧૦ મી સાંજ સુધીમા ભાજપ ના કુલ-પાંચ સંભવિત ઉમેદવારો માંથી ગમેતે એક ઉમેદવાર ના નામ ઉપર મોહર લાગી શકે તેમ છે જેમા પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ , હાલ ટમમા ચાલુ ધારાસભ્ય અને મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર , પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા , તાલુકા સદસ્ય પ્રદિપસિંહ રાઠોડ , ર્ડા.નૃપાશં પટેલ ના નામ ઉપર મોહર લાગી શકે છે કે પછી કોઇ બહાર ના ઉમેદવાર ને ટીકીટ અપાશે એતો ભાજપ અને ભાજપ ઈલેકશન કમીટી દ્વારા જ આવનાર દિવસોમાજ જાહેર કરવામા આવશે ત્યારે આ વખતે પીઢ નેતા કે પછી યુવાન માંથી કે પછી બહાર થી કોઈ ઉમેદવાર ને ટીકીટ આપવામા આવશે એતો હવે આવનાર દિવસોમાજ ખબર પડશે જયારે આ વખતે ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી માટે ૨૦૨૨ ની ચુંટણી ખરેખર પ્રતિષ્ઠા નો જગ બની રહશે અને ત્રણેય પક્ષો સીટ જીતવા માટે એડીચોટી નું જોર લગાવશે તો ભાજપ સીટ જાળવી રાખશે કે પછી કોંગ્રેસ-આમ આદમી પાર્ટી સીટ હાંસલ કરશે એ તો વિધાન સભા ચુંટણી ના પરિણામ બાદ જ ખબર પડશે.

### ભાજપના સંભવિત ઉમેદવાર

**જયસિંહ ચૌહાણ**



તેવો વાધપુર ના વતનીછે અને હાલ પ્રાંતિજ ખાતે રહે છે પોતે શિક્ષક હતાં અને ભાજપ સાથે વર્ષોથી જોડાયેલ છે તેવો પહેલા સાંસદ પણ હતા અને ધારાસભ્ય પણ હતા અને તેવો શિક્ષણ મંત્રી પણ રહ્યા છે

●●●



**ગજેન્દ્રસિંહ પરમાર**

તેવો વકતાપુર ના વતની છે અને તેવો હાલ પ્રાંતિજ-તલોદ ના ધારાસભ્ય સાથે ગુજરાત સરકાર મા મંત્રી છે પ્રાંતિજ-તલોદ મા તેવો ની કામગીરી બોલે છે

●●●

**મહેન્દ્રસિંહ બારૈયા**



તેવો ફતેપુર ના વતની છે હાલ પ્રાંતિજ ખાતે રહેછે અને પૂર્વ ધારાસભ્ય છે તેવો બે વાર ચુંટણી લડયા છે પ્રાંતિજ-તલોદ ના લોકો સાથે સીધા સંપર્ક મા છે અને ધારાસભ્ય તરીકે ની તેમની કામગીરી સારી છે અને કામગીરી બોલે છે

●●●



**પ્રદિપસિંહ રાઠોડ**

તેવો વાધપુર ના વતની છે તેવો ખુબજ ઉત્સાહી કાર્યકર છે. અને પોતે આટલી ઉમર થી જ પોતે સેવાકીય કાર્ય સાથે સંકળાયેલા છે. તેવો પોતે તાલુકા પંચાયત માં સદસ્ય છે પોતે યુવાનો સાથે સંકળાયેલા છે

●●●

**ર્ડા.નૃપાંશ પટેલ ઉર્ફે ટોમ**



સમાજિક કાર્યકર અને પોતે સંચાલક છે પોતે શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે અને શૈક્ષણિક લાયકાત ધરાવે છે. તેવો શિક્ષણ સાથે સંકળાયેલા છે અને પોતે યુવાન છે અને યુવાનો સાથે સંકળાયેલ છે

# બનાસકાંઠાની નવ વિધાનસભા બેઠક પર ૨૬૧૨ મતદાન મથકો પર મતદાન યોજાશે

## વાવ બેઠક પર સૌથી વધુ ૩૨૩ અને થરાદ બેઠક પર સૌથી ઓછા ૨૬૦ મતદાન મથક : દરેક બેઠક પર આદર્શ, ઇક્કો ફેન્ડલી, દિવ્યાંગ, સખી અને યુવા મતદાન મથકો ઉભા કરાશે

પાલનપુર તા.૯

બનાસકાંઠા જિલ્લાની નવ વિધાનસભા બેઠક ની ચૂંટણી જાહેર થતા જ રાજકીય ગતિવિધિઓ તેજ બની છે તેમજ વહીવટી તંત્ર પણ શાંતિપૂર્ણ અને પારદર્શક ચૂંટણી યોજવાની તૈયારીઓ આરંભી છે.

ચૂંટણીમાં મતદારો સરળતા થી મતદાન કરી શકે તે માટે ની અલાયદી વ્યવસ્થા ઓની ગોઠવણ શરૂ કરવામાં આવી છે. જોકે આ નવ વિધાનસભા બેઠક પર ૨૬૧૨ મતદાન મથકો પર મતદાન યોજાશે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપતલાલ કે. જોષી પાલનપુર નો અહેવાલ વધુમાં જણાવે છે કે,બનાસકાંઠા જિલ્લામાં લોકશાહીના મહાપર્વ સમા વિધાનસભાની ચૂંટણીને લઈ લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જેમાં વાવ,થરાદ, ધાનેરા, દાંતા, વડગામ, પાલનપુર, ડીસા, દિયોદર અને કાંકરેજ મળી નવ વિધાનસભા બેઠક પર આગામી તા.૫ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ ચૂંટણી માટે મતદાન યોજવાનું છે.

જેમાં જિલ્લાના ૨૪૮૯૬૯૪ મતદારો મતદાન કરવાના હોય જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ તમામ નવ વિધાનસભા બેઠક પર ૨૬૧૨ મતદાન મથકો ઉભા કરાશે જેમાં સૌથી વધુ મતદાન મથક વાવ માં ૩૨૩ અને સૌથી ઓછા થરાદમાં ૨૬૦ મતદાન મથકો ઉભા કરવામાં આવશે સાથે દરેક બેઠક પર પર્યાવરણના જતન માટે લોક જાગૃતિ એક-ઈક્કો ફેન્ડલી મતદાન મથક તેમજ આદર્શ, દિવ્યાંગજન સંચાલિત મતદાન મથક,સખી મતદાન મથક જેનું સંચાલન મહિલા કર્મચારીઓ અને યુવા મતદાન મથક જેનું સંચાલન ૨૫ થી ૩૦ વર્ષના યુવા કર્મચારીઓ દ્વારા કરવામાં આવશે.


| કઈ બેઠક પર કેટલા મતદાન મથકો | |
|---|---|
| વાવ | ૩૨૩ |
| થરાદ | ૨૬૦ |
| ધાનેરા | ૨૮૦ |
| દાંતા | ૩૦૪ |
| વડગામ | ૩૦૫ |
| પાલનપુર | ૨૮૨ |
| ડીસા | ૨૯૦ |
| દિયોદર | ૨૬૫ |
| કાંકરેજ | ૩૦૩ |
| કુલ | ૨૬૧૨ |

જોકે મતદારો શાંતિપૂર્ણ માહોલમાં અને નિર્ભય બની પોતાના માનીતા ઉમેદવારને મતદાન કરી શકે તે માટે દરેક મતદાન મથકો પર તંત્ર દ્વારા સઘન સુરક્ષા વ્યવસ્થા સહિતની ગોઠવવામાં આવશે.

# યાત્રાધામ શામળાજીમાં કાર્તિકીના ભવ્ય લોકમેળામાં ભક્તોનો મહેરામણ ઉમટ્યો



## ભાવિકો મેશ્વો નદીમાં આવેલ પવિત્ર નાગધરા કુંડમાં સ્નાન કરી પિતૃ ઋણથી મુક્ત થઈ ધન્ય બન્યાં



મોડાસા, તા. ૯

કારતક સુદ પૂનમના રોજ ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં ભવ્ય લોકમેળો યોજાયો હતો જેમ દર વર્ષની આ વર્ષે પણ હૈયે હૈયું દળાય તેવી ભીડ જામી હતી.ભરાય છે મેળામાં રાજસ્થાન ગુજરાત મધ્યપ્રદેશ થી લાખો ભક્તો કાળિયા ઠાકોર ના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા અને જિલ્લા અને રાજયભરમાથી ખૂબ મોટો ભકત સમુદાય ઉમટી પડી કાળિયા ઠાકરનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

યાત્રાધામ શામળાજીમાં આવેલ નાગધરા કુંડમાં સ્નાનનું આગવું મહત્વ છે આસપાસનો આદિવાસી અને રાજસ્થાનથી આવતા શ્રદ્ધાળુઓ ચૌદશ ના દિવસે રાત્રી જાગરણ કરી પૂનમ ના દિવસે સવારે નાગધરા કુંડમાં સ્નાન કરે છે અહીં આ કુંડ માં સ્નાન કરવાથી તેમના ગત થયેલા પિતૃઓને મોક્ષ મળેછે એવી વર્ષો પુરાણી માન્યતા રહેલી છે નાગધરા કુંડ પાસે પૂજારીઓ દ્વારા પૂજાવિધિ કારાવેછે આજના દિવસે ભક્તો પૂજાવિધિ દ્વારા ભૂત પ્રેત વળગાડ વગેરે દૂર થાય છે એવી માન્યતા રહેલી છે જેને લઈ આજે પણ વહેલી સવારથી જ આ કુંડમા શ્રદ્ધાળુઓએ ડૂબકી લગાવી પરંપરાગત સ્નાન કર્યું હતુ.

કારતક મહિનામાં ભારતભરમાં ચાર સ્થાનો પર કાર્તિકીના ચાર મેળા યોજાય છે તેમાનો એક યાત્રાધામ શામળાજીમાં યોજાય છે .આજે વહેલી સવારથી જ દુરદૂરથી લાખો ભક્તો ભગવાન કાળિયા ઠાકોર ના દર્શને આવેછે અને ધન્યતા અનુભાવેછે મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તો ને દર્શન અને પ્રશાદ માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવીછે

પાંચ દિવસ ચાલનારા કાર્તિકી મેળામાં લખો ભક્તો ભગવાન શામળિયા ના દર્શન કરી ધન્યતા અનુભવેછે ત્યારે અરવલ્લી જિલ્લા પોલિસ દ્વારા પણ અવ્યવસ્થા ના થાય તે માટે ચુસ્ત બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે મેળા દરમિયાન દર વર્ષની જેમ આ વર્ષે પણ શામળાજી વિષ્ણુ મંદિર ટ્રશ્ત દ્વારા મેળામાં આવતાં ભક્તોની સુવિધા વ્યવસ્થા કરાઈ હતી.

શામળાજીનાં કાર્તિકી મેળાનો મોટો મહિમા હોઈ અરવલ્લી સાબરકાંઠા જીલ્લા ઉપરાંત રાજસ્થાન ,મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશના યાત્રાળુઓ પણ આ મેળામા ઉમટતા હોઈ આ મહીંનામ શામળાજી તીર્થભૂમિ યાત્રાળુઓથી સતત ઉભરાય છે.સ્થાનિકો માટે ..ખાસ અહીંના આદિવાસી ભાઈ બહેનો માટે આ લોકમેળો અદના ઉમંગ ઉત્સાહનો અવસર બની રહે છે.કાળિયા ઠાકર તેમનાં ઈષ્ટ દેવ હોઈ સ્થાનિકોમા આ મેળાનો અનોખો મહિમા છે.

એક જમાનામાં ગવાતું ..શામળાજીનાં મેળે

રમઝણીયું..રે.. પેઝણીયું.. બાજે નું લોકપ્રિય લોકગીત આજે ભલે ન ગવાતું હોય પણ આ મેળે એની સ્મૃતિ થયાં વીના રહેતી નથી. સ્થાનિકો આ દિવસોમાં પોતાના ખેતરે પકવતા આદું, લસણ,લીલી હળદર, શેરડી વગેરે લઈ અહી હાટડી માંડી વેચાણ કરવા આવે છે જેની ખરીદી શહેરીજનો અને મેળામાં આવતાં લોકો ખાસ કરે છે.

### બનાસકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી કલેક્ટર આનંદ પટેલે

# જિલ્લા માહિતી કચેરી- પાલનપુર ખાતે આવેલા એમ.સી.એમ.સી કેન્દ્રનું ઉદ્દ્ઘાટન કર્યું



પાલનપુર તા. ૯

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી- ૨૦૨૨ ના ઉપલક્ષમાં બનાસકાંઠા જિલ્લામાં નવ વિધાનસભા મતદાર વિભાગોમાં યોજાનાર ચૂંટણી માટે જિલ્લા માહિતી કચેરી- પાલનપુર ખાતે એમ.સી.એમ.સી. સેન્ટરનું જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી આનંદ પટેલે રીબીન કાપીને ઉદ્દઘાટન કર્યું હતુ. વિધાનસભા ચૂંટણી દરમિયાન જિલ્લાના મિડીયાના પ્રતિનિધિઓને રોજબરોજની ચૂંટણીલક્ષી વિગતો નિયમિત રીતે ઉપલબ્ધ કરાવવા માટે ચૂંટણી પંચના નિર્દેશ અન્વયે મિડીયા સેન્ટરનો પ્રારંભ કરાયો છે. ચૂંટણી દરમિયાન ચૂંટણીના શાંતિમય વાતાવરણને ડહોળવા માટે ફેક ન્યુઝ મારફતે ખોટા પ્રચાર- પ્રસાર થતા હોય છે. જેથી આ દરમિયાન ચૂંટણી શાંતિમય વાતાવરણમાં સંપન્ન થાય તે માટે ખાસ એમ.સી.એમ.સી સેન્ટર ઉભુ કરવામાં આવ્યું છે. જિલ્લા માહિતી કચેરી પાલનપુર ખાતે કાર્યરત એમ.સી.એમ.સી સેન્ટરમાં ટેલિવિઝન ગોઠવવામાં આવ્યા છે. આ ટેલિવિઝનમાં સ્થાનિક, રાજ્ય લેવલ તેમજ રાષ્ટ્રીય લેવલની ન્યુઝ ચેનલમાં બનાસકાંઠા જિલ્લાને લગતી ચૂંટણીલક્ષી બાબતો પર ખાસ મોનિટરીંગ કરવામાં આવી રહ્યું છે. જે ચૂંટણીના વાતાવરણને ડહોળવાનો પ્રયાસ કરતી હોય અને આદર્શ આચારસંહિતાનો ભંગ કરતી હોય તેવી બાબતો પર ચાંપતી નજર રાખી નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણી થાય તે માટે કામગીરી એમ.સી.એમ.સી સેન્ટરમાં થઈ રહી છે. એમ.સી.એમ.સી. સેન્ટરમાં ટેલિવિઝન ઉપરાંત ન્યુઝ પેપર્સ અને સોશિયલ મિડીયા દ્વારા પણ સતત સમાચારો પર વોચ રાખવામાં આવી રહી છે. આજના આધુનિક સમયમાં સૌથી વધુ પ્રચાર- પ્રસાર સોશિયલ મિડીયા દ્વારા થતો હોય છે. જેથી સોશિયલ મિડીયા દ્વારા આચારસંહિતાનો ભંગ થતો હોય અથવા ચૂંટણી સમય દરમિયાન ગેરકાયદેસર પોસ્ટ મુકી પ્રચાર- પ્રસાર કરવામાં આવતો હોય તેનું મોનિટરીંગ પણ કરવામાં આવી રહ્યું છે. મિડીયા સેન્ટર અને એમ.સી.એમ.સી. સેન્ટર ચૂંટણીની પૂરી પ્રક્રિયા દરમિયાન સતત કાર્યરત રહેશે. પત્રકારોને પ્રેસ બ્રીફીંગ નિયમિત અને સમયસર મળી રહે તે માટેની ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તેમજ વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણી લક્ષી વિગતો, મતદારોની યાદી, વિધાનસભા બેઠકો, નોડલ ઓફિસરશ્રીની વિગતો, ગત વિધાનસભાના વિજેતા ઉમેદવારો સહિત સામાન્ય ચૂંટણીને લગતી તમામ બાબતોનું પેનલ નિદર્શન કરવામાં આવ્યું છે. જેના દ્વારા પત્રકારોને ચૂંટણી લક્ષી વિવિધ માહિતી મળી રહેશે.

# પાલનપુરના તિનબત્તી વિસ્તારમાં ચાલતુ જુગારધામ ઝડપાયુ...!!!

પાલનપુર તા.૯

પાલનપુર પૂર્વ પોલીસ મથકની ટીમે પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે ત્રણબત્તી વિસ્તારમાં ચાલતા જુગારધામ પર રેઈડ કરીને જુગાર રમતા સાત શખ્સોને રૂ. ૧૬ હજાર ઉપરાંતના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. પાલનપુર પૂર્વ પોલીસ મથકની ટીમને પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે શહેરના તિન બત્તી વિસ્તારમાં આવેલ છુંવારાફળીના ઈમામ ખાના પાસે ચાલતાં જુગારધામ પર ઓચિંતી રેઈડ કરી ને અહીં ગંજીપાના વડે પૈસા ની હાર જીત નો જુગાર રમતા સાત ને પોલીસે ઝડપી પાડયા હતા અને તેમની પાસેથી રૂ. ૧૬,૬૩૦ કબજે લઈ તમામ જુગારીયા સામે પૂર્વ પોલીસ મથકે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી જેને લઈ જુગારીયા તત્વો માં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

**કોની કોની સામે કાર્યવાહી કરાઇ**

૧.જાવેદભાઈ બાસુભાઈ છુવારા, ૨. અજરૂદ્દીન પ્યારેમહંમદ શેખ, ૩.માજીદભાઈ ખેરમહંમદ શેખ, ૪. જહીરહુસેન હમીદભાઈ સૈયદ, ૫. રજાકભાઈ રફિકભાઈ કુરેશી, ૬. જાવેદભાઈ ફિદાહુસેનભાઈ બેલીમ , ૭. અહેજાજઅહેમદ મહંમદભાઈ શેખ

# પાલનપુરમાં ટ્રાફિક ચક્કાજામ: એમ્બ્યુલન્સ પણ ફસાઈ....!!!



ડીસા,તા. ૯

બનાસકાંઠા જિલ્લા મુખ્યાલય પાલનપુરમાં ટ્રાફિક સમસ્યા વકરી છે. દિન-પ્રતિદિન ટ્રાફિકની સમસ્યાને લઈ સ્થાનિક તેમજ આજુબાજુથી આવતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ત્યારે આજે પાલનપુર રેલવે બ્રિજ નીચે ટ્રાફિક જામમાં એક એમ્બ્યુલન્સ ફસાતાં ભાજપના પ્રમુખ ગુમાનસિંહ ચૌહાણે ટ્રાફિકમાંથી એમ્બ્યુલન્સને નીકાળવાના પ્રયત્નો હાથ ધર્યા હતા.

પાલનપુર શહેરમાં જિલ્લામાંથી મોટી સંખ્યામાં લોકો કામ અર્થે આવતા આવતા હોય છે, પરંતુ ટ્રાફિકની સમસ્યાથી લોકો ત્રસ્ત થયા છે. જેમાં આજે પાલનપુર રેલવે બ્રિજ નીચે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ટ્રાફિક જામ થતા વચ્ચે એક એમ્બ્યુલન્સ ફસાતા ભાજપના પ્રમુખ ગુમાનસિંહ ચૌહાણે ટ્રાફિકમાંથી એમ્બ્યુલન્સને બહાર નીકાળવા ભારે જહેમત ઉઠાવી હતી. જોકે, પાલનપુર શહેરમાં પ્રવેશવાના મોટાભાગના રસ્તા ઉપર ટ્રાફિકની સમસ્યા મોટા પાયે વકરી છે. જિલ્લા ટ્રાફિક પોલીસ, પાલનપુર તાલુકા ટ્રાફિક પોલીસ તેમજ પાલનપુર શહેર ટ્રાફિક પોલીસ ટ્રાફિક નિયંત્રણ કરવામાં ધ્યાન આપે તો મહદંશે ટ્રાફિક નિયંત્રણ થઈ શકે તેમ છે.

# ભિલોડામાં કોંગ્રેસ ટીકીટ વેચવાની વેતરણમાં હોવાની કાર્યકરોમાં ચર્ચા

## કોંગ્રેસનો દબદબાના અંત માટે રાજકીય સોદાબાજી...!!



મોડાસા, તા. ૯

વિધાનસભા-૨૦૧૭ની ચૂંટણીમાં મોદી લહેર વચ્ચે પણ અરવલ્લી જીલ્લાની ત્રણે વિધાનસભામાં બેઠકો પર કોંગ્રેસે ભવ્ય વિજય મેળવ્યો હતો ભિલોડા બેઠક પર કોંગ્રેસ એક હથ્થુ પ્રભુત્વ ધરાવી રહી છે કોંગ્રેસના ગઢ સમાન ભિલોડા વિધાનસભા બેઠકના ધારાસભ્ય સ્વ.ર્ડો અનિલ જોષીયારાનું કોરોનમાં નિધન થતા અને તેમના પુત્ર કેવલ જોષીયારાએ પંજાને છોડી કેસરિયો ધારણ કરી લીધો છે ત્યારે ભિલોડા વિધાનસભા બેઠક પર કોંગ્રેસના પાયાના કાર્યકરોની અવગણના કરી રહી હોવાની અને વિધાનસભાની ચૂંટણીમાં માલેતુજાર ઉમેદવારને ટિકિટ વેચવાની વેતરણ કરવાની ચર્ચાએ જોર પકડ્યું છે ભિલોડા બેઠક કોંગ્રેસ સામેથી ભાજપને ભેટ આપે તો નવાઈ નહીં ..!! અરવલ્લી જીલ્લાની બાયડ બેઠક પર સીટિંગ ધારાસભ્ય જશુભાઈ પટેલને ટિકિટને લઈને શીતયુદ્ધ ચાલી રહ્યું છે ત્યારે ભિલોડા બેઠક પર કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોમાં ટિકિટને લઈને તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું છે ગુજરાત કોંગ્રેસ અને જીલ્લા કોંગ્રેસના કેટલાક અગ્રણીઓ દ્વારા કોંગ્રેસ માટે જાત ઘસી નાખનાર અને પાયાના કાર્યકરોની અવગણના કરીને માલેતુજાર ઉમેદવાર સાથે સોગઠાં ગોઠવી રહ્યા હોવાની વાત બહાર આવતાની સાથે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે કોંગ્રેસના કેટલાક લાલચુ પદાધિકારીઓને લીધે ભિલોડા બેઠક પર યાદવાસ્થળી થવાની સંભાવના પેદા થઈ છે. ભિલોડા બેઠક પર જીલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર પારઘી, ર્ડો.રાજન ભગોરા સહીત ૧૦ જેટલા મજબૂત દાવોદારો સામે કોંગ્રેસ માલેતુજાર ઉમેદવાર સામે નજર દોડાવી છે માલેતુજાર ટિકિટ વાંચ્છુકે તેના સમર્થકોના સહારે ભિલોડા પંથકના અને આદિવાસી સમાજમાં સ્વચ્છ અને સેવાકીય કાર્યોમાં અગ્રેસર રહેતા ર્ડો.રાજન ભગોરા સામે સોશ્યલ મીડિયામાં બદનામ કરતી પોસ્ટ વાયરલ કરાવી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે કોંગ્રેસ જાણે ભિલોડા બેઠક ભાજપને ભેટ આપવા માંગી રહી હોવાનો ગણગણાટ શરૂ થયો છે